'સન્ડે ઈ.મહેફીલ'ના અમારા સઘળા વહાલા વાચકોને
સમ્પાદકો તરફથી
દીવાળી અને નુતનવર્ષની હાર્દીક શુભકામના..

•

# ગીત

## – અનીલ ચાવડા

**.1.**

જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો,
ધરતીને કીરણો અડકે એમ જ્યારે તમને અડ્યો.

નાનકડો એક રજકણ હું તો
ક્યાં ઓળંગું સીમા?
ધુળ અને ઢેફાંની માફક
પડ્યો હતો માટીમાં;
પીંડ તમે બાંધ્યો મારો તો હુંય ચાકડે ચડ્યો.
જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો.

એક સવારે આમ તમારું
સવાર જેવું મળવું;
છાતી અંદર રોકાયું ના
રોકાતું કુંપળવું!
પવન વગર પણ પાન ઉપરથી ઝાકળ જેવું દડ્યો.
જડ્યો, જડ્યો, હું જડ્યો છેવટે મને ખરેખર જડ્યો.

**.2.**

શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

થયા કરે છે લઈ ટેરવે પ્રભાતનું આ ઝાકળબીંદુ આંખોમાં હું આંજું,
એ રીતે આ પાંપણ નીચે પડી રહેલાં વર્ષો જુનાં દૃશ્યોને હું માંજું;
તાજી તાજી સુર્યકીરણની સળીઓને પણ લાવ ચામડી નીચેથી સીવી લઉં,
શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

એવું થાતું ફુલ થઈને હુંય મજાની કોઈ ડાળ પર હળવેથી ઉગી જઉં,
મ્હેક થઈને પ્રસરું હું ને પછી હવાના કાન મહીં કોઈ વાત સુગંધીત કહી દઉં;
પરોઢના ઝાંખાં ઝાંખાં ધુમ્મસના દરીયાની અંદર લાવ માછલી જેમ તરી લઉં,
શીયાળુ ટાઢોડે થાતું નવસેકા આ તડકાની હું રાબ બનાવી પી લઉં...

## .3.

ધબ્બ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે અવાજ?
કંઠ સુધી આવેલી ચીસને દબાવવાનો પાડ્યો આ કોણે રીવાજ?

અંદર ને બ્હાર બેઉ બાજુથી પીગળીએ
તોય કેમ રેલો દેખાય નૈં?
કુહાડી વાગતાં જ વૃક્ષમાંથી નીકળતાં
પાણીને આંસુ ક્હેવાય નૈં?
નવા નક્કોર મળે શ્વાસ તોય કેમ નથી રહેવાતું કાયમ નવા જ?
ધબ્બ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે અવાજ?

ક્યાંથી આ આવે છે અદકેરું પંખી
જે છાતીમાં બાંધે છે માળો?
જાય વળી ઉડી ક્યાં અધકચરી ઈચ્છાની
બટકેલી મુકીને ડાળો?
એવા તે જીવતરને શું કરવું બોલો જે આવે છે પાછું જવા જ?
ધબ્બ્બ... દઈ હૈયામાં ફાળ પડી તોય કેમ આવ્યો નૈં કંઈયે અવાજ?

## .4.

અમે રંગની સાથે સાથે જાત અમારી ઘોળી છે,
અને એમની આંખે જોયું એમાં પણ રંગોળી છે...

હું મઘમઘતો કેસુડો એ ખળખળ વહેતું પાણી,
એકમેકમાં ભળી જઈને કરીએ ખુબ ઉજાણી...
અને ઉજાણી કરવા આવી રંગોની કૈં ટોળી છે,
અમે રંગની સાથે સાથે જાત અમારી ઘોળી છે...

યુગોયુગોથી સપનાંઓ પણ હતાં બ્લેક ને વ્હાઈટ,
રંગ તમારો ભળ્યો શ્વાસમાં થયું બધુંયે રાઈટ.
અડ્યા તમે તો લાગ્યું ઈચ્છા કેસર અંદર બોળી છે,
અમે રંગની સાથે સાથે જાત અમારી ઘોળી છે...

## .5.

તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું;
નસમાં વહેતા શાંત લોહીને ઝરણા જેમ ઉછળવું'તું.

ના, ના એવું ખાસ નથી,
પણ છાતી અંદર શ્વાસ નથી;
હમણાં હમણાંથી આંખોમાં
ટકતું બહુ આકાશ નથી.
આંખો અંદર આભ ભરીને મારે તો વાદળવું'તું.
તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું.

રુવાંટીઓ ક્યે, 'એ ફુંકે ને
તો જ અમે ફરફરીએ;
એમનેમ મળવાની વાતો
અમેય થોડા કરીએ?'
પાણી અંદર ઢેફું પીગળે એ રીતે પીગળવું'તું.
તમને ખાલી મળવું'તું, ભીતરથી ઝળહળવું'તું.

## .6.

કમ સે કમ આટલું તો થાય,
પ્હાડ જેમ ખળભળતું હોય કોઈ, ત્યારે ત્યાં ઝરણું થઈ ખળખળ વહાય.

આંગણામાં આવે જો એકાદું પંખી, તો રાખવાનું હોય ખુબ માનથી,
ટહુકાની ઝેરોક્ષો થાય નહીં, એને તો ઘટઘટ પીવાય સાવ કાનથી;
ખીલે એકાદ પળ કુંપળની જેમ, તો એ કુંપળને મબલખ જીવાય.
કમ સે કમ આટલું તો થાય...

માણસ ખુદ હાજર છે ત્યારે પણ, એના આ પડછાયા પુજવાના કેમ ?
કોઈનાય ઘાસ ઉપર ઝાકળનો હાથફેરો કરવો શું સુરજની જેમ !
ભીતરથી કાળઝાળ બળતું હો કોઈ, એને મીઠેરું સ્મીત તો અપાય.
કમ સે કમ આટલું તો થાય...

## .7.

વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?
હું રોડ વચાળે ઉભેલા ડીવાઈડર પરનો છોડ.

મનેય થાતું, પંખી આવે,
ખુબ ટહુકે, માળો બાંધે,

જરા ગોઠવી તણખલાંઓ
મારી અંદર કશુંક સાંધે;
(પણ) પહેરેદાર બની ઉભો છે બંને બાજુ રોડ,
વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?

ચરણ ચાલવા, જીભ બોલવા,
ક્યાં છે કોઈ દીલાસો?
કંટાળું તોય માણસ માફક
ખાઈ શકું ના ફાંસો;
તુટક તુટક જીવતર એમાં લાખો છે તડજોડ;
વૃક્ષ બની ખીલવાના ક્યાંથી પુરા થાશે કોડ?

**.8.**

મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ,
એકમેકનાં મનમાં એવો સુંદર અવસર થઈએ.

અંધારું અંધારે બાંધી
અજવાળે અજવાળું,
ચાલ ખોલીએ કુંચી લઈને
વાદળ નામે તાળું,
તાળું ખોલી ધીમું બોલી ઝરમર ઝરમર થઈએ,
મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ.

જળ પર વ્હેતા લીસ્સા લીસ્સા
તરંગ વસ્ત્રો ખેંચી,
કયું કામ કોને કરવાનું
ચાલો, લઈએ વ્હેંચી,
કુણીકુણી કમળ-પાંદડી વચ્ચે ઘરઘર થઈએ,
મંદમંદ આ મહેક ઉઠી છે ચાલો રસભર થઈએ.

**.9.**

આંખ, હોઠ ને શ્વાસ બધામાં થયું મીરાંની જેમ,
કહો હૃદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ?

જીવતરના ગણીતનો
ના ગણતાં ફાવે ઘડીયો,
ભીતરમાં મંદીર ચણે છે
કોઈ અજાણ્યો કડીયો.

નહીં જ ભીંતો, નહીં જ બારી, નહીં કશીયે ફ્રેમ.
કહો હૃદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ ?

નામ આ કોનું લઈને બેઠા
અમે એક ઓટલીએ,
મન તો ચાલ્યું નીજના ડગ લઈ
કોઈ અજાણી ગલીએ.
વધતો જાતો મારગ એનો, આગળ ધપતા તેમ.
કહો હૃદયજી, લખ્યા વીના કૈં રહી જ શક્શો કેમ ?

**.10.**

ખુબ જાળવી તોય હાથથી છુટી ગઈ રે લોલ,
ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

કઈ રીતે એ ફુટી ગઈ
સૌ ચરચો, ચરચો, ચરચોજી,
કાચ તુટતાં વેરાઈ કંઈ
કરચો, કરચો, કરચોજી
કરચો વીણવામાં જ જીંદગી ખુટી ગઈ રે લોલ;
ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

મનની આ અભરાઈ ખુબ જ
ઉંચી, ઉંચી, ઉંચીજી,
અને અમે સંતાડી રાખી
કુંચી, કુંચી, કુંચીજી
તોય કઈ ટોળી આવીને લુંટી ગઈ રે લોલ?
ઈચ્છાઓથી ભરચક બરણી ફુટી ગઈ રે લોલ.

અનીલ ચાવડા

કવીસમ્પર્ક :
A-7, શિવ કૉમ્પલેક્સ, શ્રીનંદનગર વિભાગ-2ની બાજુમાં, મકરબા રોડ, વેજલપુર, અમદાવાદ-380051
મોબાઈલ: 099256 04613 ઈ.મેઈલ: kavianilchavda@gmail.com
વેબસાઈટ : http://www.anilchavda.com/ Facebook : https://www.facebook.com/anil.chavda.148?fref=ts

@ @ @ @ @

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. –ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : દસમું – અંક : 307 – October 19, 2014

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

♦●♦

દસ વરસથી ચાલતી આ ‘સ.મ.’ની ‘સુ–વાચનયાત્રા’માં આજે આ 306મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર ‘ઈ.બુક્સ’ થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ તે મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી ‘સ.મ.’ તો ‘કાવ્ય–ગઝલો’ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈ.બુક્સ ‘ગઝલ–કાવ્યસૃષ્ટી’ના નામે બનાવી, તે બન્ને ઈ.બુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો..

ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો

મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ...ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@

More than 3,11,02,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 36,25,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 6,98,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,05,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@ @ @ @ @ @ @ @ @